## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રગટાવો હૃદયે પ્રેમના દીવા, આવી દિવાળી!*
*ને ફરકાવો હોઠે સ્નેહનું સ્મિત, આવી દિવાળી,*
*ભૂલી વેરઝેર થાવ નિખાલસ, આવી દિવાળી!*
*આનંદ-ઉત્સાહની કરો રોશની, આવી દિવાળી!*

હાઈકુ

*આત્મજ્ઞાનનો*
*દીપ દહેલી દ્વાર -*
*કરો પ્રકાશ...*
*(ભીતર-બહાર પાથરો પ્રકાશ)*

*દિપોત્સવી ના*
*આરોગ્ય - ઐશ્વર્યની*
*શુભેચ્છા સૌને...*
*(વંદન - અભિનંદન)*

### ચિંતન

*અનધતમઃ પ્રવિશન્તિ યે અવિધામ્ ઉપાસતે ।*
*તતો ભૂય ઈવ તમો ય ઉ વિધાયામ્ હતાઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ઈશ-ઉપનિષદમાંથી લેવામાં આવેલ ઓછે.**

**સાચો જ્ઞાની છે તે કદી પણ કોઈ વાતનો આગ્રહી હોતો નથી. તેને કોઈ તર્ક, દલીલ હોતી નથી, એ ચૂપ જ રહે છે.**

**બુદ્ધ ભગવાન પણ ઈશ્વર વિશે ચૂપ જ રહ્યા છે ને ! પરમ શૂન્યતા, તથાતા. અહીં જનકરાજા કહે છે કિંચિત્ ન કિંચિત્ કંઈ પણ હોવું, કંઈ પણ ન હોવું, એવું હવે એ જ નહીં. અહીં જનકરાજા પોતાને નિષ્ક્રિય કહે છે, એનો અર્થ એ નથી કે તેઓ આળસુ છે. પણ હવે, જે કાંઈ કરે છે તે તેમના દ્વારા થઈ રહ્યું છે. તેમાં તેમનો કોઈ જ કર્તાભાવ રહ્યો નથી. પોતે પોતા તરફથી કોઈ રીતે ક્રિયાવંત નથી, માત્ર નિમિત્તરૂપ જ છે.**

**આત્માને તો કં જ ક્રિયા કે કર્મ, કર્તૃત્વ હોતું નથી. એ જ રીતે આત્માને કોઈ વિપેક્ષ પણ હોતા નથી. વિક્ષેપ સંકલ્પ, ક્ષોભ વગેરે મનને છે. એ જ રીતે હર્ષ કે વિષાદ પણ મન સાથે જોડાયેલા છે.**

### સુવિચાર

- તમારું શરીર તમારું મિત્ર છે અને એનો વહેવાર તમને દુશ્મન જેવો લાગતો હોય તો તેનું કારણ એ છે કે તેની સાથે દુશ્માનવટની શરુઆત તમે જ કરી હશે - **ભૂપત વડોદરિયા**
- વિષમતાઓ અને અન્યાયોનો કોઈ સંતોષકારક ખુલાસો આપણી પાસે નથી સિવાય કે 'કર્મનો સિદ્ધાંત' - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- છેવટે માણસ જ માણસને મદદ કરે છે અને કોઈ પણ માણસને ઈશ્વર મદદ કરે છે તે પણ કોઈને કોઈ માણસ દ્વારા જ કરે છે - **જીવન પાથેય**
- આનંદથી જીવવા માટે પણ એક મિજાજ જોઈએ, પણ જાતજાતની ચીજો પાછળ દોડીને પેલા મસ્ત મિજાજનું આપણે સત્યાનાશ કાઢી નાખ્યું છે - **રોહિત શાહ**
- તમારે તમારી જિંદગીની એક દિલધડક કથા બનાવવી છે, પણ તમે જયારે એવી જિંદગી જ નથી ત્યારે તેમાંથી એવી કથા કેવી રીતે બની શકે ? - **ઓશો**
- ગણતરી કરીને જીવવાથી પણ આખરી ઘડી સુધીના સુખનું કોઈ આયોજન શક્ય જ નથી - **શ્રીધર**
- આજનું ઔષધ : ટંકણખારને માણખમાં મિક્સ કરી મધમાખીનાં ડંખ ઉપર લગાડવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઓસ્ટ્રેલિયાના હોવર્ડ શહેરમાં એક વાર ખૂબ મોટી આગ લાગી. આ નગરમાં એક જેલ હતી તે જેલનો પણ દરવાજો સળગી ગયો. જેલના કેદીઓ પણ આગ બુઝાવવા આગળ આવ્યા. ઘણા કેડીઓ જાનના જોખમે નગરના મકાનોમાંથી લોકોના જીવ બચાવ્યા. અંતે ફાયર બ્રિગેડ અને જેલના કેદીઓના સહયોગથી આગ શાંત થઈ. જેલરે કેદીઓ ગણ્યા. તો બધા જ કેદી હાજર જણાયા. જેલરે કેદીઓને ધન્યવાદ આપતા કહ્યું, 'તમે આ અવસરનો લાભ લઈને નાસૂ છટ્યાં હોય પણ તમારામાંથી કોઈ નાસી છૂટ્યું નથી એનો મને આનંદ છે !!' જેલરની આ વાતનો જવાબ આપતા એક બુઝર્ગ કેદીએ નમ્રતાપૂર્વક કહ્યું, જેલરની આ વાતનો જવાબ આપતા એક બુઝર્ગ કેદીએ નમ્રતાપૂર્વક કહ્યું, 'જેલર સાહેબ, અમે જરૂર ભાગી શકીએ તેમ હતા, પરંતુ આપણા રાષ્ટ્રના કાનૂનને અને સરકારી તંત્રને વફાદાર છીએ !! અમે ન્યાયતંત્રના ન્યાયનું ઉલ્લંઘન કરવા જરાય તૈયાર નથી. અમે જાણે-અજાણ્યે ગુનેગાર તો છીએ જ પરંતુ કાનૂન ને બેવફા બનવા માગતા નથી.' કેદીના આ વાક્યોની જેલરે ગંભીર નોંધ લીધી. તેણે આ જ શબ્દો પત્રમાં લખી ઓસ્ટ્રેલિયાની સરકારમાં મોકલ્યા. ઓસ્ટ્રેલિયન સરકારે તેમની કદર કરી આ સૌ કેદીઓને જેલ મુક્ત કરી દીધા. ન્યાયતંત્ર સર્વોપરી છે. રાષ્ટ્રના કાનૂનની વફાદારી રાખનાર રાષ્ટ્ર સદૈવ પ્રગતિ કરે છે.

# શાસક પક્ષ માટે શરમજનક જીત

તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રનાં પરિમાણો બહાર પડતાંની સાથે એનડીએના સૌથી જૂના ઘટક પક્ષ શિવસેનાએ એના મુખપત્રમાં શાસક પાર્ટીના અહંકાર વિશે નુક્તેચીની કરી છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રની પ્રજાએ શાસક પાર્ટીને બોધપાઠ ભણાવી દીધો હોવાની ટકોર કરી છે એટલું જ નહીં, એમણે વિપક્ષને સમૂહગો નેસ્તનાબૂદ કરવાના કારસા પ્રજાને નથી ગમતા એવો પણ ઉપદેશ આપી દીધો છે. વિપક્ષના નેતાઓને સામ, દામ, દંડ, ભેદ નીતિ અપનાવી પોતાના પક્ષમાં ખેંચી લેવા અથવા જેલ ભેગા કરી દેવાથી ઊલટાની જનતા જનાર્દનની સહાનુભૂતિનો વિપક્ષને જ લાભ મળે છે. એના પ્રત્યક્ષ પ્રમાણ સ્વરુપે શરદ પવારના ભત્રીજા અજિત પવારને જંગી બહુમતીથી મળેલી જીત તથા સતારાની બેઠક પર પક્ષપલટું ભોંસલેને શિવાજીના વંશજ હોવા છતાં મળેલી કારમી હાત ઉપરાંત હાઈકમાંડની નજીક ગણાતાં ગોપીનાથ મુંડેના સુપુત્રીની હારના દાખલા આપી ઉદ્ધવ ઠાકરેએ શાસક પાર્ટીને મર્યાદામાં રહેવા ચીમકી આપી છે. હરિયાણામાં તો મહારાષ્ટ્ર કરતાં પણ વસમી સ્થિતિ છે. દિલ્હીની સહરખે આવેલા આ રાજયમાં ભાજપને ફરી સત્તા સ્થાને આવવા માટે ખાસી મશક્કત કરવી પડી છે. ભાજપ ફક્ત સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી શકેલ છે પરંતુ સરકાર રચવા જરૂરી એવી ચોખ્ખી બહુમતીના આંકડા સુધી એ નથી પહોંચી શક્યું. આથી દેવીલાલ પરિવારની ત્રીજી પેઢીના વારસદારે ખુદ પોતાની પારિવારિક પાર્ટીથી અલગ ચોકો માંડીને સ્થાયેલી જેજેપી પાર્ટી સાથે એની શરતોએ સમાધાન કરવા ભાજપને સહમત થવું પડ્યું છે. શરુઆતમાં જેજેપીની આકરી શરતોને વશ નહીં થવાનું વલણ ધરાવતા શાસક પક્ષને આખરે જેપીપીના શરણે જવું પડ્યું અને એના ૩૧ વર્ષના અધ્યક્ષને નાયબ મુખ્યમંત્રી પદ આપવું પડ્યું. અપક્ષોનો સહકાર લેવાથી સરકાર રચી શકાય એમ હતી પરંતુ અપક્ષ જૂથના અગ્રણી ગોપાલ કાંડા સામે કયારેક ભારતીય જનતા પાર્ટીએ જ ધરણાં કર્યા હતા. એર હોસ્ટેસને આપઘાત કરવા મજબૂર થવું પડ્યં એમાં ગોપાલકાંડાની ભૂમિકા જગજાહેર હતી અને અદાલતમાં આ કેસ પેન્ડિંગ હોઈ ગોપાલકાંડાને ભલે જામીન મળી ગયા હોય પરંતુ એમની પબ્લિક ઈમેજ ખરડાયેલી છે જેથી ઉમા ભારતી જેવાં વરિષ્ઠ નેતાઓ જાહેરમાં અપીલ કરવી પડી. કોંગ્રેસના નેતા સૂરજેવાલા પણ આ મુદ્દે ભાજપને એણે ગોપાલકાંડાને તત્કાલીન કોંગ્રેસ મંત્રીમંડળમાંથી રુખસદ અપાવવા કરેલ ધરણાંની યાદ અપાવી હતી. આખરે જેજેપીની શરતોએ જેજેપી સાથે એ શિવસેનાની શરતોએ એ શિવસેના સાથે સમાધાન ગઠબંધન કરી ભાજપ બેઉ રાજયોમાં સત્તા ટકાવી જરૂર રાખી શક્યું છે, પણ એનો ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો પડી જ ગયો છે. બધા દિવસો સરખા નથી હોતા અને બારેમાસ મોદી કરિશ્મા નથી ચાલતો - એની પણ શાસક પક્ષને ખાતરી થઈ ચૂકી છે. આથી ભાજપની દિવાળી સુધરી કે બગડી તે કહેવું અઘરું છે !

# સાચો પ્રેમ રાખવાથી ભગવાન નજીક રહે...



રંગ-ઉમંગ
કાનન ઓઝા



'જેના પ્રત્યે સાચો પ્રેમ છે તે દૂર હોય પણ સમીપ છે. એનાથી ઊલટું જેના પ્રત્યે જરા પણ માનસિક ખેંચાણ નથી તે નજીકમાં રહેતો હોય છતાં ઘણો દૂર છે. મનનો લગાવ નહિ હોવાથી કોઈ પણ પ્રકારના સંબંધ તેની સાથે જોડાતો નથી.' એવી વ્યક્તિ આંખો સામે હોવા છતાં દૂર છે અને જે વ્યક્તિ પ્રિય છે. તે દૂર રહેતી હોવા છતાં નજર સામે જ રહેતી હોય છે. આ વાતમાં અનુસંધાનમાં સૂફી સંતો કહે છે કે, સાચો પ્રેમ રાખવાથી ભગવાન નજીક રહે છે.

મન, વાણી, બુદ્ધિ અને શાસ્ત્રથી પરબ્રહ્મ દૂર છે. તેથી જ મહાત્મા આનંદઘનજીએ ગાયું. 'અગમ અગોચર વસ્તુ હૈ રી.' આ વાત એમણે પરબ્રહ્મનો અનુભવ કર્યા પછી કરી. પણ એ વાત પૂરી તો ન જ કરી શક્યા. જેમ ગૂંગા માણસે ગોળ ખાધો. તેને એ બહુ ભાવ્યો પણ તેનું વર્ણન એ ન કરી શક્યો. વળી આનંદજીએ એમ કહ્યું કે : 'એ પરબ્રહ્મ દૂર છે. તેમાં ના નથી પણ જેનામાં અજ્ઞાન છે તેના માટે જ એ દૂર છે.' અજ્ઞાન જેનું ટળી ગયું એના માટે એ નજીકમાં નજીક છે.

સૂર્ય આકાશમાં ઉગ્યો, ધરતી ઉપર પ્રકાશ પથરાઈ ગયો ખરો પણ જે બહાર હશે તેને આ પ્રકાશ દેખાશે, રૂમ બંધ કરીને અંદર ભરાઈ રહેનાર ને પ્રકાશ જણાવવાનો નથી. સૂર્યપ્રકાશનો અનુભવ કરવા માટે બહાર આવવું પડે એવી જ રીતે અજ્ઞાનનો પડદો હટી જાય તો એ પરબ્રહ્મ જ જણાય છે. અજ્ઞાન એટલે વિસ્મૃતિ એવો અર્થ અહીં કરવો માણસ ભૂલી ગયો છે કે તે શરીર નથી પણ આત્મા છે. એથી તે શરીર તરીકે જ જીવે છે. માટે જ અસ્તિત્વ આત્મા-પરમાત્મા નજીક હોવા છતાં તેમાંથી દૂર રહે છે.

શરીરથી જ ભૌતિક સાધનો અને વ્યક્તિઓ સાથે સંબંધ રહે છે. એ જ કારણે પુરુષની પત્ની, બાળકો, માતા-પિતા વ્હાલાં લાગે છે, પણ તેથીયે વહાલું પોતાનું શરીર લાગે છે. મકાન સુંદર બનાવ્યું હતું. સારું ફર્નિચર પણ વસાવ્યું હતું, પણ અચાનક એવી આગ લાગી કે ઘરની બહાર કશું લઈ જવાયું નહિ. ફક્ત મકાન માલિક પોતે જ માંડ માંડ બહાર આવી શક્યા. એને પોતાનું સદ્ભાગ્ય ગણ્યું. સંસારની બધી જ ઉપાધિ શરીરની પાછળ છે, છતાં માણસ શરીર નથી પણ આત્મા છે.

# 'સ્વ' થી સર્વ સુધીની યાત્રાનો મહોત્સવ : દિવાળી




મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ



દિવાળી ભારતીય સમાજનો સૌથી પૌરાણિક અને સાંસ્કૃતિક તહેવાર છે. કેમ કે ભગવાન રામ એ સમયના વિદ્વાન બ્રાહ્મણ રાક્ષસ રાવણ પર વિજય મેળવીને, એનો નાશ કરીને આ દિવસે અયોધ્યા પરત ફર્યા હતા. અને સમસ્ત અયોધ્યાએ એ દિવસે આખા શહેરને શણગારીને, ઘેર ઘેર દિવડાઓ પ્રગટાવીને, ઘરને આંગણે રંગોળી પુરીને, બારણે સાથિયા ચિતરીને શ્રી રામ, સીતા અને લક્ષ્મણનું ભવ્ય અભિવાદન કર્યું હતું. અને એ આખી રાત ફટાકડા ફોડીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ આખી ઘટના - કથા આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. પરંતુ એ સમય હતો આજથી છ સાત હજાર વર્ષ પૂર્વેનો. કે એનાથી યે પૂર્વેનો. ત્યારથી આ મહાઉત્સવ સાંસ્કૃતિક, ધાર્મિક પરંપરા રૂપે પુરા ભારતમાં પ્રસ્થાપિત થઈ ગયો. એક ધાર્મિક પરંપરા બની ગયો. પરંતુ આજનો સમય જુદો છે. શું આજે દિવાળીનો ઉત્સવ ઉજવવો જોઈએ ખરો ? ઉજવવો હોય તો કંઈ રીતે ઉજવવો ? શા માટે ઉજવવો ? એ સમયે અસત્ય પર સત્યનો વિજય થયો હતો. પણ આજે સત્યનો વિજય થાય છે ખરો ? એ વખતે નવ દિવસ ચાલેલા રામ રાવણના મહાયુદ્ધમાં શ્રી રામનો વિજય થાય એ માટે સમસ્ત અયોધ્યા અને દેશ વાસીઓએ નવરાત્રી સુધી મા શક્તિની પુજા આરાધના કરી હતી. આજે નવરાત્રી તો થાય છે. પણ સત્યના વિજય માટે નહીં ''સ્વ''ના વિજય માટે, સ્વની ઓળખ માટે, ભક્તિ ઓછી અને ફેશન વધારે જોવા મળે છે. આજે દિવાળીનો આખો ઉદ્દેશ્ય જ બદલાઈ ગયેલો જોવા મળે છે.

આ સંસારની રચના ઈશ્વરે એક મહાન ઉદેશ્યથી કરી છે. પૃથ્વી પર જીવનું પ્રાગટ્ય એ જેટલી વૈજ્ઞાનિક ઘટના છે એટલી જ ધાર્મિક ઘટના પણ છે. કેમ કે એની સાથે સમાજની આસ્થા જોડાયેલી છે. સતયુગમાંથી છેક કળિયુગ સુધી આપણે આવી ગયા પણ આપણી આસ્થાનું સ્વરૂપ નથી બદલાયું. પરંપરા નથી બદલાઈ. આપણે વિચારોમાં તો આસ્થા રાખીએ છીએ, મંદિરોમાં જઈએ છીએ, પરંતુ આચરણમાં આ બધું ઉતારીએ છીએ ખરા ? આપણી વાણી અને વર્તનનો જો એક્ષ-રે કાઢવામાં આવે તો એમાં રહેલી વિસંવાદિતાનો ખ્યાલ આવે. આપણે રામ-સીતાની પુજા કરીએ છીએ, પરંતુ આપણી અંદર બેઠેલા અનેક પ્રકારના વિકાર રુપી રાક્ષસોનું શું ? આપણે મા દૂર્ગાના દર્શને છેક વૈષ્ણોદેવીએ જઈએ છીએ, પણ આપણા ઘરમાં કે ઘરની આસપાસ સમાજમાં રહેલી અનેક શક્તિસ્વરૂપા દૂર્ગા રૂપી સ્ત્રીઓને એ સ્વરૂપે જોઈએ છીએ ખરા ? એક નારીની પૂજા અને બીજી નારીની ઉપેક્ષા, શોષણ ? ભલે એ વેદકાલીન સમયે આચાર અને વિચાર એક હતા, નીતિ નિયમો, બંધનો કાયદારૂપે નહોતા છતાય પળાતા હતા, જ્યારે આજે બધુ કાયદારૂપે છે છતાંય એનું ઉલ્લંઘન આપણે કરીને જીવીએ છીએ. જ્યા સુધી આ બધા પરિવર્તનો આપણા માનસમાં, જીવતરમાં, સમાજમાં નહીં આવે ત્યાં સુધી આવી ગમે તેટલી દિવાળીઓ આવશે, પરિવારમાં, સમાજમાં, રાષ્ટ્રમાં અને દુનિયાભરમાં તનાવ વધતો જ રહેવાનો. દુઃખ, પીડા અને સંઘર્ષ વધતો જ રહેશે.

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. જો પ્રકૃતિ પણ દર ચાર મહિને પોતાનો સ્વભાવ બદલતી હોય તો આપણે કેમ નહીં ? ખરેખર તો દિવાળી એ પરિવર્તનનો તહેવાર છે. આંતરિક અને બાહ્ય પરિવર્તનનો સ્વીકાર એ જ સાચો ઉત્સવ છે.

વૈજ્ઞાનિક રીતે પણ જોઈએ તો ઘેર ઘેર પ્રગટાવવામાં આવતા દિવડાઓ અને ફોડવામાં આવતા ફટાકડાઓ, એમાંથી નીકળતા ધૂમાડાઓ ચાર મહિનાના ચોમાસાના કારણે વાતાવરણમાં ઉત્પન થયેલી જીવાતોનો, જીવડાઓનો અને રોગ ફેલાવતી ઈયળોનો નાશ કરે છે. આ બહારની જીવાતોને તો આપણે મારીએ છીએ પણ આપણી અંદરની જીવાતોનું શું? અંદરના વાયરસોને મારવા માટે પણ મોટા ધડાકાઓ કરવા જોઈએ. તો જ રામરાજ્ય સંભવી શકે છે.

આપણે પ્રકૃતિની બન્ને રીતોથી માહિતગાર છીએ. આસ્થા અને વિજ્ઞાનને સાથે રાખીને જીવીએ તો છીએ પણ પરિવર્તનની પ્રક્રિયામાં આપણું પુનઃસંધાન થતું નથી. આપણે મનને નિયંત્રિત કરી શકતા નથી. આજનો સમય પરિવર્તનનો છે. દેશ અને દુનિયા બદલાઈ રહ્યા છે. સીમા અને સરહદોના બંધન ધીમે ધીમે તૂટી રહ્યા છે. બધી સંસ્કૃતિઓ એકબીજાની સાથે ભળવા માટે તૈયાર થઈ રહી છે. ઈલેક્ટ્રોનિક અણુઓથી આખું જગત જોડાતું જાય છે, ઈ-શ્વર પણ પૃથ્વી ઉપરના સૌ માનવીઓનો મળવો જોઈએ, એક થવો જોઈએ. જો આ 'ઈ' સ્વર એક થશે તો આપોઆપ સંસારમાં રામરાજ્ય આવશે જ. આખું વિશ્વ આજ સુધી ભલે એકબીજાથી અજાણ હતું પણ હવે એકબીજાને ઓળખવા માંગે છે. સમજવા માગે છે. એકબીજામાં ભળવા ઈચ્છે છે, એટલે કે હવે નો સમય 'સ્વ'થી સર્વ સુધીની યાત્રાનો આ સમય છે. જે યાત્રા શ્રી રામે કરી હતી, શ્રી કૃષ્ણએ કરી હતી. ગૌતમ બુદ્ધે કરી હતી, મહાત્મા ગાંધીએ કરી હતી, શ્રી રામે જનકલ્યાણ અર્થે વનવાસ જતા પહેલા પિતાજી ગુમાવ્યા હતા, પત્ની સીતાનું અપહરણ થયું હતું. અને ખુદ સીતાનો ત્યાગ પણ કરવો પડ્યો હતો. તો વળી શ્રી કૃષ્ણને પોતાના પ્રાણથી પણ પ્રિય રાધાનો ત્યાગ અને અંત સમયે પોતાના જ હાથે પોતાના પૌત્રોનો વધ કરવાની પીડા સહન કરવી પડી છે. કારણ કે તે વખતે, તે સમય પરિવર્તનનો હતો. અને જ્યારે જ્યારે પરિવર્તનનો યુગ શરું થાય છે ત્યારે ત્યારે મનુષ્યએ તહેવારોની ઉજવણી કરવાને બદલે પરિવર્તનની પ્રક્રિયા સમજીને સજ્જ થવું જોઈએ અને સ્વ-થી સર્વ સુધી જવાની ભાવના કેળવવી જોઈએ.

આજે આખું વિશ્વ ત્રીજા વિશ્વયુદ્ધના દરવાજે ઊભૂં છે. દરેક દેશ પોતપોતાની સૈન્ય શક્તિને સજ્જ રાખીને પોતાનું આધિપત્ય જમાવવા પ્રયત્નો કરે છે, આપણા દેશમાં પણ રાષ્ટ્રવાદ અને સત્તાવાદના આંતરિક યુદ્ધો ખેલાઈ રહ્યા છે. પ્રજાના માનસમાં ધર્મ, સંપ્રદાય, જાતિ, ભાષા અને ઈશ્વર અલ્લાહના નામે ઝેર ભરવામાં આવે રહ્યું છે. ધર્મ કે જાતિના અધિકાર માટે લડતા આપણે એટલું ભૂલી જઈએ છીએ કે ઈશ્વર કે અલ્લાહે સમગ્ર પૃથ્વી ઉપર મનુષ્ય નામની એક જ જાતિ બનાવી છે, અને એક જ ધર્મ બનાવ્યો છે ''માનવધર્મ'' આમ છતાંય આપણે સૌ આ રાજનીતિચક્રમાં ફસાતા જઈએ છીએ,

દિવાળીએ ઘરના આંગણે દીવો પ્રગવટાવતા આપણે આપણી અંદર દીવો પ્રગટાવીને ધર્મ કે જાતિના અંધકારને, નફરતને દૂર કરીને પ્રેમનો, સદભાવનો પ્રકાશ ફેલાવવાની જરુર છે. કેમ કે ખરેખર તો દિવાળી પ્રેમનું પર્વ છે, રાગ, દ્વેષ, નફરત, ઈર્ષા, નકારાત્મકતા, ક્રોધ, શંકા... આવા અનેક રાક્ષસો આપણી અંદર જ ઉછરી રહ્યા છે. એનો નાશ કરવાનો પર્વ છે, જો આ બધા વાયરસોને આપણે પરાસ્ત કરી શકશું તો બહારના દુશ્મનો આપોઆપ આપણને પ્રેમ કરતા થઈ જશે, આ દિવાળીએ આપણી અંદરના આ ખતરનાક વાયરસોને પ્રેમ અને શ્રદ્ધાથી હણીને વિસ્ફોટો કરીશું તો એની ગૂંજ આખા વિશ્વમાં સંભળાશે. બોમ્બ કે

**અનુસંધાન પાના નં ૭ પર**

# હેપ્પી ફેસ્ટીવલ ડેય્ઝ...!

રજળપાટ
અજય ઉપાધ્યાય



'આંખો સે આંસુઓ કી જુદાઈ કર દો દિલ સે ગમો કી બિદાઈ કર દો...અગર દિલ ના લગે તો આ જાઓ મેરે ઘર ઔર...મેરે ઘર કી સફાઈ કર દો...! ઔર યાદ રહે યહ ઓફર સિર્ફ દિવાલી તક હી હૈ' ! ...માળીયા સાફ કરવા ચડેલા શુરવીરોના આર્તનાદથી વોટ્સએપ અને ફેસબુકની દીવાલો હજુ પણ ધુણતી હશે....'' બિલ્ડરો પણ સમજદાર થઈ ગયા છે એટલે તો હવે ફ્લેટમાં માળિયા નથી બનાવતા 'જેવા દિવાળીની સાફસફાઈમાં બચાડા પુરુષવર્ગને ખમવી પડતી તકલીફોની ચિતાર અને ચિત્કાર કરતા આવા ફની મેસેજો તમે આ લેખ વાંચતા હશો ત્યાં સુધીમાં વાસી થઈ ચુક્યા હશે. મોદી સાહેબે ભલે ને 'સ્વચ્છ ભારત' નું સ્લોગન-મિશન આપ્યું હોય પણ પુરાણોની રીતે તો દિવાળી પર થતી આ સાફ-સફાઈ પૌરાણિક 'સ્વચ્છતા અભિયાન' જ છે...! ખેર, મને કે ક-મને પણ માળીયા સાફ કરાવનાર...ધુ-ઝાળા પાડનાર કે પછી બારી-બારણા ઘસી ઘસીને સાફ કરનાર પુરુષવર્ગ સહીતના વિશ્વના અને વિશ્વની માલીપા ખાસ કરીને ભારત - હિન્દુસ્તાનના લોકો આ લેખ તમારા હાથમાં આવે ત્યાં સુધીમાં દિવાળી બોલે તો દીપાવલીના શુભ તહેવારની ઉજવણીમાં ગૂંથાઈ ગયા હશે. રંગોળી - ફટાકડા - મીઠાઈ - દીવા ઔર નાં જાને ક્યાં ક્યાં..!

તહેવારોની પણ એક અલગ જ મજા છે, એનો એક અલગ જ આનંદ, એક અલગ જ ઉત્સાહ હોય છે અને એમાયે જો એ તહેવાર ભારત જેવા ઉત્સવપ્રિય - તહેવારપ્રિય દેશમાં ઉજવાતો હોય તો પછી આનંદ-ઉત્સાહનો અતિરેક થવાનો થવાનો ને થવાનો જ. એમાયે આ તો તહેવારોમાં ઉત્તમ એવો દિવાળીનો તહેવાર. હિન્દુઓનો મહા-ઉત્સવ કે જેને બધા જ ભારતીયો એટલા જ ઉત્સાહથી ઉજવે છે..ખાલી ભારત જ શુકામ હવે તો ટ્રમ્પના વ્હાઈટ હાઉસ અને જગતમાં જ્યાં જ્યાં ભારતીયો છે ત્યાં ત્યાં દિવાળી સેલીબ્રેટ થાય જ છે, અને માત્ર દિવાળી જ શું કામ ? દિવાળી પહેલા વાઘબારસથી ધનતેરસ અને દિવાળી પછી સર્વનું કલ્યાણ થાય એવી મનોકામના પ્રગટ કરવાના રૂડા અવસર એવો નવા વર્ષનો દિવસ અને એ પછી ભાઈબીજ..!! તહેવારો એ ભાગદોડભરી લાઈફનો એવો વેલકમ બ્રેક છે કે જેમાં વી ધ પીપલ રોજરોજની ઝંઝટને થોડા દિવસ માટે લીટરલી ભૂલી જઈએ છીએ. અને દરેક તહેવારની એક અલગ જ મજા હોય છે, ભલે માળિયાવાળા મેસેજો જથ્થાબંધ ફોરવર્ડ કર્યા હોય પણ ઘર-મહોલ્લો સ્વચ્છ હોય તો જ તહેવારની ઉજવણી કરવાની મજા આવે એવું સનાતન સત્ય ભલે શાસ્ત્રમાં ક્યાય ના લખ્યું હોય તોયે એ કેટલું કારગત છે એનો અહેસાસ તો સાફ-થયા પછીના ઘર-શેરી કે મહોલ્લાની ખુશ્બુમાં જ આવી જાય.

આપણે અહિયાં સ્વચ્છતા અભિયાન પર વાત નથી કરવાની પણ તહેવાર અને તહેવારની ઉજવણીની આજે પણ ટકોરાબંધ અકબંધ રહેલી આવી આગે સે ચાલી આતી રીતોથી વધુ આનંદપ્રદ બની જાય છે. ભલે મંદી નો ઓછાયો – અણસાર કે પડછાયો આસપાસમાં દેખાતો હોય છતાં પણ તહેવાર તો ઉજવવો જ પડે અને પરીશ્થીતી પ્રમાણે ઉજવાય પણ છે જ. સમય બદલાતો જાય એમ એમ તહેવારની ઉજવણી પણ બદલાતી જતી હોય છે. લાઈફ ફાસ્ટ થઈ ગઈ છે, રોજની ભાગાદોડીમાં શ્વાસ લેવાનો સમય પણ જેને મળતો ના હોય એવા લોકો માટે તો તહેવારોની આ રજાઓ વેલકમ બ્રેક તો છે જ પણ સાથે સાથે એ રજાનો લાભ લેવાનો લ્હાવો પણ છે એટલે થાય છે શું કે મોટાભાગની પબ્લિક દિવાળીની રજાઓમાં ટુર પ્લાન કરી નાખે છે. આમ તો શું હ્હે કે કુટુંબના કોઈ ઘરડાને પૂછો તો તુરંત કહેશે કે ' દિવાળીએ ઘર બંધ રખાય નહિ'. પણ હવે હૂતો-હુતી અને બબલુ કે પિંકી ના નાનું કુટુંબ સુખી કુટુંબ ના જમાનામાં આ લોજીકલી કોઈને એક્સેપ્ટ નથી એટલે 'જય લક્ષ્મીમૈયા' કરીને નીકળી પડે !! એટલે તો દિવાળીના પંદરેક દિવસ અગાઉ સૌથી વધુ પૂછાતો પ્રશ્ન હોય છે '' આ દિવાળીએ ક્યા જવાના ?'' મોટાભાગનાને બેસતા વર્ષે ફોન કરો તો કહેશે ' માથેરાન છીએ ' કે ' કેરલા કે ઈવન સિંગાપુર- થાઈલેન્ડ જેવા જવાબો પણ મળે. આમેય વિશ્વમાં કદાચ સૌથી વધુ પ્રવાસશોખીન પ્રજા ગુજરાતી જ છે એટલે આવા જવાબ મળે તો ' એન્જોય એન્જોય ' કહીને ફોન મુકવામાં જ શાણપણ છે. એમાં કાઈ ખોટું પણ નથી. એકસાથે ૪-૫ દિવસની રજા તો ક્યાં મળવાની છે ? (સરકારી કર્મચારી સિવાય) એટલે સાંભળ્યા કરતા જોયું ભલું એ ન્યાયે એય ને નીકળી પડો બાપલીયા...! એમાયે આ વખતે ગુજરાત સરકારે તો સામેથી ફરવા માટે એક રજાનું સેટિંગ કરી આપેલ છે એટલે ગાંધીનગર જેવા કર્મચારી નગરમાં તો આ વખતે તહેવારોમાં 'ખાલી ખાલી ખુર્સીયા ' જેવો ઘાટ થવાનો...! ખેર, તહેવારોમાં એન્જોય કરવાની બધાની અલગ અલગ સ્ટાઈલ હોય છે એટલે એમાં નો ઓબ્જેકશન...!

દરેક તહેવારો વખતે એક ચોક્કસ વર્ગ ' 'ધુળેટીમાં પાણી બચાવો' કે 'દિવાળીમાં ફટાકડા ના ફોડો' જેવા સુત્રોચ્ચારો કરતી રહેતી હોય છે પણ ધુળેટીમાં રંગ...સંક્રાંતમાં પતંગ કે દિવાળીમાં ફટાકડા તો આ તહેવારોની જાન છે, એના વગર તો તહેવારો પ્રાણ વગરના શરીર જેવા લાગવાના...! એટલે પટાખે તો જલાના હી ચાહીએ..પણ હા ફટાકડાની અતિ માત્રા પર્યાવરણ અને બાળકો-વૃધ્ધો માટે નુકશાનકારક છે જ એ ખ્યાલમાં રાખીને. માપ માં અને યોગ્ય રીતે ફટાકડાના ધુમ્મ્મ્મ... ધડામમ્મ્મ્મ અવાજો થવા દો તમતમારે...! આ વખતે તો કઈક ઈકો-ફ્રેન્ડલી ફટાકડા પણ નીકળ્યા છે, સારું છે અને હા રીપોર્ટ તો એમ પણ કહે છે કે ચાઈનીઝ ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ છે...આ તો એનાથી પણ વધુ સારું છે. રંગોળીઓ તો હવે રેડીમેડ થતી જાય છે. કુંડાળું વળીને આઠ કે દસ લોકો એક રંગોળી બનાવવા નવા વર્ષની સવાર પાડી દેતા એવા દ્રશ્યો હવે ક્યાંક ક્યાંક જોવા મળે છે પણ સો કે દોઢસો વારના ફ્લેટના ત્રણ બાય પાંચની કોમન પરસાળમાં કેવડી રંગોળી કરે કોઈ...? આવું જ કૈક દિવાળીના દીવાઓ સાથે થયું છે. લબક-ઝબક લાઈટો સામે તેલ પી પી ને આખી રાત ઝળહળતો પેલો દીવો સાવ તો નહિ પણ ખોવાયો તો છે જ... સીરીઝોની લબુક-ઝબુક રોશનીમાં એ દીવાની જ્યોત જેવી શીતળતા ક્યા...? અને મીઠાઈઓ...? ખેર રેડીમેડ મીઠાઈના ટ્રેન્ડ વચ્ચે પણ જો કોઈ ઘરમાંથી મગસ-સુખડી-લાડુ કે ઘૂઘરાની સુગંધ આવે તો ચોટી કા સવાલ પૂછ્યા વગર એને ૭ કરોડ આપવાનું મન થાય..! બાકી રેડીમેડ મીઠાઈઓ વિષે છાપા-ટીવી માં આવ્યા જ કરે છે એટલે એ લેવી કે નહિ એ દરેકની કોમન સેન્સ પર છોડી દેવી જ હિતાવહ છે...!

બધું જ બંધ થઈ ગયું હોય એવું'ય નથી, સમય અને સગવડતા મુજબ બધું જ થાય છે. બદલાતા જમાના મુજબ એ પણ સ્વીકાર્ય થઈ જવાનું પણ મજાની અને આનંદની વાત એ છે કે તહેવારોના આધુનિકીકરણની સાથે સાથે હજુ સુધી તહેવારનો મૂળ ભાવ અકબંધ છે અને એ અકબંધ રહેશે ત્યાં સુધી તહેવારો ઉજવવાની મજા આવશે જ. આ લખાય છે ત્યારે હજુ દિવાળીને ત્રણેક દિવસની વાર છે પણ વોટ્સઅપમા 'હેપ્પી દિવાલી' ના ફોરવડીયા મેસેજો ચાલુ થઈ ગયા

**અનુસંધાન પાના નં ૭ પર**